# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# યુનિવર્સિટી ભવન
# આણંદ-૩૮૮ ૧૧૦

## કાર્યાલય આદેશ

**કૃષિ મહોત્સવ-૨૦૧૯ દરમ્યાન કૃષિમેળામાં સ્ટોલ અને પ્રદર્શનના આયોજન બાબત.....**

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કૃષિ મહોત્સવ–૨૦૧૯ ના ભાગરૂપે **૧૬ જૂન , ૨૦૧૯** ના રોજ ખાનપૂર, તા. મોરવા (હ.) જી. પંચમહાલ ખાતે રાજ્ય કક્ષાના કૃષિમેળાની મેગા ઇવેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ કૃષિમેળાનું ઉદ્દઘાટન માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વરદ હસ્તે થનાર છે. આ કૃષિમેળામાં આપના વિભાગ/યુનિટને એક/બે સ્ટોલ (સામેલ પત્રક A મુજબ) ફાળવવામાં આવેલ છે. આ વિસ્તારને ધ્યાનમાં રાખી ખેડૂત આલમને ખેતીની અદ્યતન માહિતી ચાર્ટ, ચિત્રો, જીવંત નમૂના, મોડેલ, સાહિત્ય વગેરે માધ્યમ દ્વારા પ્રદર્શિત કરી ખેડૂતો અને મુલાકાતીઓને સમજાવવાની રહેશે. આ અંગેની સપૂર્ણ માહિતી ગુજરાતીમાં હોવી આવશ્યક છે. લખાણ ટૂંકું અને સહેલાઇથી સમજી શકાય તે રીતનું હોવું જરૂરી છે. આ અંગે કોઇ દ્વિધા જણાય તો ડૉ. પી. કે. બોરડ (૦૯૪૨૬૫૦૮૩૪૭), પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ અથવા ડો. સંજય શાહ (૦૮૫૧૧૧૮૬૬૮૧), સહ પ્રાધ્યાપક (એગ્રોનોમી), બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ નો સંપર્ક કરવાનો રહેશે. પ્રદર્શન સામગ્રી લઇ જવા માટે વાહનની વ્યવસ્થા અત્રેથી કરવામાં આવેલ છે. જે માટે આર.આર.એસ.નું આઇસર વાહન તા. ૧૫-૦૬-૨૦૧૯ ના રોજ સવારે ૦૯ થી ૧૨ કલાક દરમ્યાંન આપના વિભાગ/યુનિટ ખાતે સામગ્રી ભરવા માટે આવશે તો તેમાં સામગ્રી ભરવા માટે યોગ્ય વ્યવસ્થા જે તે વિભાગ દ્વારા  કરવાની રહેશે. બાગાયત અને શાકભાજી વિભાગના સ્ટોલ માટે બાગાયત વિભાગની પીક-અપ વાનનો ઉપયોગ કરવાનો રહેશે.

આપને ફાળવવામાં આવેલ સ્ટોલમાં માહિતી પૂરી પાડવા એક વૈજ્ઞાનિક અને એક આસીસ્ટન્ટને ઉપસ્થિત રાખવાના રહેશે. જેમના માટે અલગ બસની વ્યવસ્થા કરેલ છે. આ બન્ને વાહનો તા. ૧૫-૦૬-૨૦૧૯ ના રોજ બપોરે ૨.૦૦ કલાકે યુનિવર્સીટી ભવન ખાતેથી ઉપડશે. પેટા કેન્દ્રના સ્ટોલ માટે તેમના વાહનનો ઉપયોગ કરવાનો રહેશે. સ્ટોલની ગોઠવણી તા. ૧૫-૦૬-૨૦૧૯ ના રોજ સાંજના ૬.૦૦ કલાક સુધીમાં પૂરી કરવાની રહેશે.

વધુમાં તારીખ તા. ૧૭-૦૬-૨૦૧૯ ના રોજ આણંદ તાલુકાની ઇવેન્ટ આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ કેમ્પસ ખાતે આયોજિત કરવામાં આવેલ છે જેમાં સામેલ પત્રક B મુજબ સ્ટોલની ફાળવણી કરવામાં આવે છે. તો સંલગ્ન વડાશ્રી/ વૈજ્ઞાનિકશ્રી/ અધિકારીશ્રીઓએ તે પ્રમાણે આયોજન કરવાનું રહેશે.

જા. નં. આકૃયુ/વિશિનિ/કૃષિ મહોત્સવ- ૧૯/સ્ટોલ/ ૭૨૨ /૨૦૧૯
તા. ૧૧-૦૬-૨૦૧૯

વિસ્તરણ શિક્ષણ નિયામક

**નકલ સવિનય રવાના :**

૧ માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવ, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ

૨ સંશોધન નિયામકશ્રી આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ

૩ નિયામકશ્રી, કૃષિ/બાગાયત/પશુપાલન વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૪ આચાર્ય અને ડીનશ્રી, બાગાયત કોલેજ, આકૃયુ, આણંદ તરફ જાણ તેમજ બસ ફાળવવા સારૂ

**૫ પ્રાધ્યાપક અને વડા,બાગાયત વિભાગ, બીએસીએ,આકૃ,આણંદ તરફ જાણ તેમજ પીક-અપ વાન ફાળવવા સારૂ**

૬ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગિય સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ તરફ જાણ તેમજ આઇસર વાહન ફાળવવા સારૂ

૭ સબંધિત અધિકારીશ્રીઓ તરફ જાણ તથા સમયસર સ્ટોલની તૈયારી કરી કૃષિ મહોત્સવમાં પ્રદર્શિત કરવા સારૂં

૮ જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જી. પંચમહાલ તરફ જાણ સારૂ તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીને ફાળવેલ ૧૫ સ્ટોલની ફાળવણી પ્રદર્શનની ગેટની પાસે રાખવા વિનંતી છે જેથી મહાનુભાવોને નવી તજજ્ઞતા દર્શાવી શકાય. વધુમાં પ્રદર્શન તા. ૧૫/૦૬/૨૦૧૯ ના રોજ સાંજે ૪.૦૦ વાગે ગોઠવવામાં આવશે તો તે મુજબ મંડપ/સ્ટોલનું બાંધકામ હાથ ધરવા વિનંતી છે.

૯ જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જી આણંદ તરફ જાણ સારૂ તેમજ પત્રક – B મુજબ સટોલ ફાળવવા વિનંતી છે.

## સ્ટોલની ફાળવણી - કૃષિ મહોત્સવ – ૨૦૧૯, ગામ: ખાનપુર, તા: મોરવા (હ.), જી. પંચમહાલ

# પત્રક A

| અનુ. નંબર | વિભાગનું નામ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંશોધન વૈજ્ઞાનિક (મકાઇ), મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ, ગોધરા | ૧ |
| ૨ | સંશોધન વૈજ્ઞાનિક, કઠોળ સંશોધન કેન્દ્ર, મોડેલ ફાર્મ, આકૃયુ, વડોદરા | ૧ |
| ૩ | સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ | ૧ |
| ૪ | સંશોધન વૈજ્ઞાનિક, ઔષધિય અને સુગંધિત પાક સંશોધન યોજના, આકૃયુ, આણંદ | ૧ |
| ૫ | પ્રાધ્યાપક અને વડા, બાગાયત વિભાગ (ફળ અને ફુલ), બીએસીએ, આકૃયુ, આણંદ | ૧ |
| ૬ | સંશોધન વૈજ્ઞાનિક (ઘાસચારા), મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ | ૧ |
| ૭ | પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ<br>પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ | ૧ |
| ૮ | પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ (સજીવ ખેતી) અને સંશોધન વૈજ્ઞાનિક, માઈક્રોબાયોલોજી, આકૃયુ, આણંદ | ૧ |
| ૯ | સંશોધન વૈજ્ઞાનિક, વિભાગિય સંશોધન કેન્દ્ર અને અનુભવ સીડ, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૦ | તંત્રીશ્રી, કૃષિગોવિદ્યા, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આકૃયુ, આણંદ<br>રજીસ્ટ્રારશ્રી, આકૃયુ, આણંદ, આકૃયુની તમામ શૈક્ષણિક સંસ્થાઓની માહિતી | ૧ |
| ૧૧ | આચાર્ય અને ડીન, કૃષિ ઇજનેરી કોલેજ, આકૃયુ, ગોધરા | ૧ |
| ૧૨ | આચાર્ય અને ડીન, એફપીટી અને બીઇ, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૩ | આચાર્ય અને ડીન, ડેરી સાયન્સ કોલેજ, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૪ | આચાર્ય અને ડીન, વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદ | ૨ |

## સ્ટોલની ફાળવણી - કૃષિ મહોત્સવ – ૨૦૧૯, આણંદ

# પત્રક B

| અનુ. નંબર | વિભાગનું નામ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ અને<br>પ્રાધ્યાપક અને વડા, બાગાયત વિભાગ (ફળ અને ફુલ), બીએસીએ, આકૃયુ, આણંદ | ૧ |
| ૨ | આચાર્ય અને ડીન, વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદ અને<br>સંશોધન વૈજ્ઞાનિક (ઘાસચારા), મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ | ૧ |
| ૩ | સંશોધન વૈજ્ઞાનિક, માઈક્રોબાયોલોજી, આકૃયુ, આણંદ અને<br>મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ટીસ્યુ કલ્ચર લેબ, આકૃયુ, આણંદ | ૧ |